|| શ્રી મહાવીરાય નમઃ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ૧૫

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૫)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના શબ્દોના મૂળ પાઠ લખી કયા પાઠમાં આવે છે તે લખો. (૫)**

૧. પ્રમાદ કરવાથી **પમાયાચરિયં** **આઠમું વ્રત**

૨. અશુદ્ધ ભિક્ષા **અપરિસુદ્ધં** **બીજું શ્રમણસૂત્ર**

૩. પ્રતિપૂર્ણ છે **પડિપુન્નં** **પાંચમું શ્રમણસૂત્ર**

૪. ધર્મની આદિ કરનારા **આઈગરાણં** **સામાયિકનો સાતમો પાઠ**

૫. કલ્પે નહિ **અકપ્પો** **પ્રતિક્રમણનો બીજો પાઠ**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૩)**

૧. જ્ઞાનથી આચરણને સુધારવા શેનો ત્યાગ અને શેનો સ્વીકાર કરવાનો છે?

**જ્ઞાનથી આચરણને સુધારવા અક્રિયાનો ત્યાગ અને ક્રિયાનો સ્વીકાર કરવાનો છે.**

૨. સંમૂર્ચ્છિમ મનુષ્યને આપણે જોઈ શકીએ? શા માટે?

**ના કારણ કે તે જીવોના શરીર એટલા નાના હોય છે કે આપણે તેમને આંખોથી જોઈ શક્તા નથી.**

૩. ભય કોના ઉદયથી ઉત્પન્ન થાય છે? તે કેટલા છે? **ભય મોહનીયના ઉદયથી. સાત.**

**(૩) નીચેના વાક્ય કયા અતિચાર માટે બંધબેસતા છે? (૨)**

૧. ગજાનનની આરતી ઉતારી હોય. **પરપાસંડ પસંસા**

૨. સામાયિકમાં ગજદંતના વેપારનો વિચાર કર્યો હોય. **મણ દુપ્પણિહાણે**

૩. ગજ પર બેસીને પૂર્વદિશાની મર્યાદા તોડી હોય. **તિરિયદિસિપ્પમાણાઈક્કમે**

૪. ગજનું કલેવર પડ્યું હોય ત્યાં સ્વાધ્યાય કર્યો હોય. **અસજ્ઝાઈએ સજ્ઝાયં**

**(આ) મોટા માંગલિકના આધારે ખાલી જગ્યા પૂરો. (૫)**

૧. અમે આ ......, ......, ......, ...... માટે આપનું શરણું અંગીકાર કરીએ છીએ.
**ભવ, પરભવ, ભવોભવ, સદાને**

૨. ...... શરણં મુજને હોજો ...... થી તરવા. **ધમ્મં, ભવોદધિ**

૩. અમારામાં રહેલી ......, ...... અને ...... સર્વ ક્ષય થશે. **કુબુદ્ધિ, કુટેવ, કુસંસ્કાર**

૪. અમારો ઉપયોગ આપશ્રીના ગુણોમાં ...... કરવાથી. **પ્રવર્તન**

(૭૦)

**પ્ર.૨ (અ) પ્રાસ્તાવિક ગાથા અને ઉત્તરાધ્યયન સૂત્રના આધારે લખો. (૪૦)**

**(૧) નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૨૧)**

૧. દેવ **નરિંદ નમંસિય પૂયં, સવ્વ જગુત્તમ મંગલ મગ્ગં ।**

**દુદ્ધરિસં ગુણનાયગમેગં, મોક્ખપહસ્સ વડિંસગ** ભૂયં ॥

**અર્થ : બ્રહ્મચારીને દેવો તથા નરેન્દ્રો નમસ્કાર કરે છે તેમજ પૂજા, સત્કાર પણ કરે છે. લોકમાં સર્વ ઉત્તમો માં આ ઉત્તમ, મંગળમય માર્ગ છે. વિશુદ્ધ બ્રહ્મચારી કોઇથી પણ અપરાજિત તથા સર્વ સદ્‌ગુણોમાં એક અદ્વિતીય નાયક સમાન છે. મોક્ષમાર્ગ માટે મસ્તકના મુગુટમણિ સમાન છે.**

૨. વિત્તેણ **તાણં ણ લભે પમત્તે, ઇમમ્મિ લોએ અદુવા પરત્થા ।**

**દીવપ્પણટ્ઠે વ અણંતમોહે, નેયાઉયં દટ્ઠુમ** દટ્ઠુમેવ ॥

**અર્થ : પ્રમાદી–અધર્મી જીવોને ધન આ લોક કે પરલોકમાં શરણરૂપ થતું નથી. દીવો બુઝાઇ જતા અજવાળા માં જોયેલો માર્ગ પણ દેખાતો નથી, તે જ રીતે અનંત મોહના કારણે સમ્યક્‌જ્ઞાન, દર્શનરૂપ દીપક બુઝાઈ જતા, મોક્ષમાર્ગ તેને દેખાતો નથી.**

૩. એગે **જિએ જિયા પંચ, પંચ જિએ જિયા દસ ।**

**દસહા ઉ જિણિત્તાણં, સવ્વ સત્તુ** જિણામહં ॥

**અર્થ : એક બહિરાત્માને જીતવાથી ચાર કષાયો ને પાંચમું મન જીતી શકાય છે. એ પાંચને જીતવાથી ચાર કષાય, મન ને પાંચ ઈન્દ્રિય એ દશને જીતી શકાય છે. એ દશને જીતવાથી આત્માના સર્વ શત્રુને મેં જીતી લીધા છે.**

૪. એગો    મે સાસઓ અપ્પા, નાણદંસણ સંજુઓ ।

સેસા મે બહિરા ભાવા, સવ્વ સંજોગ                    લક્ખણા ।।

અર્થ : મારો આત્મા એકલો છે, શાશ્વત છે, જ્ઞાન–દર્શનથી યુક્ત છે. તેના સિવાય બધા બાહ્ય ભાવ છે, સર્વ સંયોગરૂપ લક્ષણવાળા છે.

૫. જે    ડસંખયા તુચ્છ પરપ્પવાઇ, તે પિજ્જ –દોસાણુગયા પરજ્ઝા ।

એએ અહમ્મેત્તિ દુગુંછમાણો, કંખે ગુણે જાવ સરીર                    ભેએ ।।

અર્થ : જે અસંસ્કૃત, અંતઃકરણની શુદ્ધિથી રહિત, હલકા, પર નિંદા કરવાવાળા, રાગદ્વેષમાં અનુરક્ત, પૂર્વકૃત કર્મથી પરાધીન છે, તેઓ અધર્મના હેતુ છે. એવું જાણી તેમના તરફ દુર્લક્ષ કરી જ્યાં સુધી શરીરનો અંત થાય નહીં ત્યાં સુધી સમ્યક્દર્શન આદિ ગુણોની આકાંક્ષા કરતો વિચરે

૬. રૂપ    અનુપમ નહિ કોઇ તોલે, વાણી સુણંતા શીવસુખ હોય ।

દેહ સુગંધી રહે પુષ્ફવાસા, ચોસઠ ઇન્દ્ર કરે                    અરદાસા ।।

અર્થ : તીર્થંકર ભગવંતના અનુપમ દેહ–લાવણ્યની તોલે જગતની કોઈ વસ્તુ આવી શકતી નથી. તેમની વાણી સાંભળતાં મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે.  તેમનો શ્વાસોચ્છ્વાસ અને દેહ પદ્મકમળની સુગંધ જેવો છે. તેમની સેવા, ભક્તિમાં ૬૪ ઇન્દ્રો હંમેશાં વિચરે છે.

૭. સ    પુવ્વમેવં ન લભેજ્જ પચ્છા, એસોવમા સાસયવાઇયાણં ।

વિસીયઇ સિઢિલે આઉયમ્મિ, કાલોવણીએ સરીરસ્સ                    ભેએ ।।

અર્થ : જે જીવો અપ્રમાદિ થઈ ઉપરોક્ત રીતે શરૂઆતથી ધર્માચરણ નથી કરતા અને પપાછલી અવસ્થામાં ધર્મ કરીશું એમ વિચારે છે, તેઓ પછી પણ ધર્મ કરી શકતા નથી. શાશ્વતવાદી – કંઈ જ નાશ નથી પામતું તેવા મતવાળા  કદાચ આવું કહી શકે પણ આયુષ્ય શિથિલ થતાં તથા મૃત્યુકાળ નજીક આવતાં, શરીરના નાશના સમયે તેઓ વિષાદને પ્રાપ્ત કરે છે.

**(૨) માત્ર ગાથા લખો. (ભાવાર્થ નહિ)                    (૬)**

૧. જેમાં તીર્થંકર નામ બાંધવાનો ૭ મો ભેદ આવતો હોય તે ગાથા લખો.

અરિહંત સિદ્ધ પવયણ, ગુરુ થેર બહુસ્સુએ તવસ્સીસુ ।

વચ્છલ્લયા ય  તેસિં, અભિક્ખ – નાણોવઓગેય ।।

૨. પાંચ વિષયની વાત આવતી હોય તે ગાથા લખો.

મજ્જ વિસયકસાયા, નિદ્દા વિકહા ય પંચમી ભણિયા  ।

એ  એ  પંચપ્પમાયા,  જીવા   પાડંતિ   સંસારે ।।

૩. આ જીવ અસંસ્કૃત છે તે બતાવતી ગાથા લખો.

**અસંખયં જીવિય મા પમાયએ, જરોવણીયસ્સ હુ ણત્થિ તાણં ।**

**એવં વિયાણાહિ જણે પમત્તે, કિણ્ણુ વિહિંસા અજયા ગહિંતિ ॥**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો. (૬)**

૧. કોની સેવામાં ઈન્દ્રો હંમેશા વિચરે છે? **તીર્થંકર**

૨. સાધક કોની જેમ અપ્રમત્ત બનીને વિચરે? **ભારંડપક્ષી**

૩. દુષ્કર વ્રત કયું છે? **બ્રહ્મચર્ય**

૪. પરિગ્રહમાં આસક્ત થવાથી શેનો નાશ થાય છે? **સંયમ**

૫. શેના ત્યાગથી મુનિ શીઘ્રતાથી મોક્ષને પ્રાપ્ત કરે છે? **સ્વચ્છંદ**

૬. શું શરણરૂપ થતું નથી? **ધન**

**(૪) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

૧. પયાઈ **ડગલે ને પગલે**

૨. ફાસા **સ્પર્શ આદિ વિષય**

૩. અણુગયા **અનુરક્ત**

૪. ગહાય **ગ્રહણ કરી**

૫. પલિતમ્મિ **બળી જળી રહ્યો છે**

૬. પવિત્તં **પવિત્ર કરનાર**

**(૫) નીચેના શબ્દોનું માગધી લખો. (૪)**

૧. સંગથી **સંગેણ**

૨. પાલન કરે છે. **કરંતિ**

૩. ફસાયેલા **પયટ્ટિએ**

૪. એકાંતે **એગંતં**

**(આ) છ લેશ્યાના આધારે લખો. (૧૫)**

**(૧) હું કઈ લેશ્યાનો કયો ભેદ છું? (૩)**

૧. દ્રાક્ષાસવ **પદ્મ લેશ્યાનો રસ**

૨. કપૂર **પ્રશસ્ત લેશ્યાની ગંધ**

૩. કઠોર પરિણામી **કૃષ્ણ લેશ્યાના લક્ષણ**

૪. અશોકવૃક્ષ **નીલ લેશ્યાના વર્ણ**

૫. પ્રિયધર્મી **તેજો લેશ્યાના લક્ષણ**

૬. સમિતિ યુક્ત **શુક્લ લેશ્યાના લક્ષણ**

**૨. મને ઓળખો. (૭)**

૧. હું થોડા બોલો છું. **પદ્મ લેશ્યાના લક્ષણ**

૨. અમારાથી જીવ સુગતિમાં જાય છે. **તેજો લેશ્યા, પદ્મ લેશ્યા, શુક્લ લેશ્યા**

૩. અસંખ્યાતા લોકના આકાશ પ્રદેશ જેટલા અમારા સ્થાનક છે. **લેશ્યા**

૪. મારા આકાશ પ્રદેશ અસંખ્યાતા છે. **લોકાકાશ**

૫. મારો રસ પીપર જેવો છે. **નીલ લેશ્યાનો રસ**

૬. મારી ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગર ઝાઝેરી છે. **ભવનપતિમાં તેજો લેશ્યા**

૭. અમારી લેશ્યા આખા ભવ દરમિયાન બદલાતી નથી. **દેવતા, નારકી**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો. (૫)**

૧. અયોગી ગુણસ્થાનની અને બારમા દેવલોકના દેવમાં રહેલી લેશ્યાની સ્થિતિ લખો. (૨)

**અયોગી ગુણસ્થાને લેશ્યા નથી. બારમા દેવલોકના દેવની જઘન્ય ૨૧ સાગર ઉત્કૃષ્ટ ૨૨ સાગર.**

૨. તેજો લેશ્યાના લક્ષણ કયા છે? **(૧) મર્યાદાવંત (૨) માયા રહિત (૩) ચપળતા રહિત (૪) કુતૂહલ** (૩)

**રહિત (૫) વિનયવંત (૬) દમીતેંદ્રીય (૭) શુભ જોગવંત (૮) ઉપધાન તપ સહિત (૯) દઢધર્મી (૧૦) પ્રિયધર્મી (૧૧) પાપથી ડરનારો (૧૨) સર્વ પ્રાણીનું હિત ઇચ્છનારો (૧૩) સ્વાધ્યાય આદિમાં રત રહેનારો.**

**(ઈ) અષ્ટ પ્રવચન માતા આધારે લખો. (૧૫)**

**(૧) ખાલી જગ્યા પૂરો. (૧૦)**

૧. આહારાદિની ગ્રહણ કરતા પહેલા શુદ્ધિ–અશુદ્ધિની સાવધાની રાખવી તે ...... . **ગવૈષણૈષણા**

૨. ...... જીવોને ...... થી જોઇને ચાલે. **છકાય, ચક્ષુ**

૩. ...... કે ...... રાખ્યા વિના સાધુ બોલે. **એકાગ્રતા, ઉપયોગ**

૪. ૪૨ દોષ ......, ...... અને ...... દોષો ટાળીને આહાર ગ્રહે.

**૧૬ ઉદ્ગમના, ૧૬ ઉત્પાદનના, ૧૦ એષણાના**

૫. શરીરની ......, ...... ન કરે. **સુશ્રુષા, શોભા**

૬. ......, ...... આદિ લેવા મૂકવાની વિધિ તે આદાન સમિતિ. **વસ્ત્ર, પાત્ર**

૭. ......, ......, ...... ની વૃદ્ધિ નિમિત્તે વસ્તુઓનું ક્રમથી પ્રતિલેખન કરે. **જ્ઞાન, દર્શન, ચારિત્ર**

૮. દ્રવ્યથી ...... ભૂમિ પર, ...... ભૂમિ પર, ...... ભૂમિ પર, ...... ભૂમિમાં, તરતની ...... ભૂમિ પર ન પરઠે.

**વિષમ, પોલી, સચિત્ત, સાંકડી, અચિત્ત**

**(૨) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૫)**

૧. વખાણ કરીને ખાવું તે ધૂમ છે. **ખોટું. વખાણ કરીને ખાવું તે અંગાર છે./વખોડીને ખાવું તે ધૂમ છે.**

૨. આલંબન જ્ઞાનનું હોય છે. **સાચું.**

૩. દ્રવ્યથી રાગ–દ્વેષમાં ન પ્રવર્તાવે. **ખોટું. દ્રવ્યથી આરંભ–સમારંભમાં મન ન પ્રવર્તાવે./ ભાવથી રાગ–દ્વેષમાં ન પ્રવર્તાવે.**

૪. મૂત્ર દશ સ્થાનમાં ન પરઠે. **સાચું.**

૫. માર્ગથી ચાલતા સ્વાધ્યાય ન કરે. **ખોટું. ભાવથી ચાલતા સ્વાધ્યાય ન કરે.**

(૧૫)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.**

૧. પરદેશીને શું ભિન્ન છે? તેની શ્રદ્ધા થઈ? **જીવ, શરીર**

૨. કોના જીવ સમાન પરિમાણવાળા છે? **હાથી, કંથવા**

૩. મનુષ્યલોકની દુર્ગંધ કેટલા યોજન ઊંચે જાય છે? **૪૦૦, ૫૦૦**

૪. નરકમાં શેનો ઉદય હોય છે? **અશાતા વેદનીય, નરકના આયુષ્ય**

૫. કેકયાર્ધ દેશ દરેક ઋતુમાં શેનાથી યુક્ત હતા? **ફળ, ફૂલ**

૬ .જિતશત્રુ રાજા સાથે રહીને ચિત્ત સારથીએ શેનો અભ્યાસ કર્યો? **રાજકાર્ય, રાજવ્યવહાર**

૭. કેશી સ્વામીએ પરિષદને શેનો ઉપદેશ આપ્યો? **ચાર મહાવ્રત, ૧૨ વ્રતધર્મ**

૮. પરદેશી રાજાના દેશ અને પત્નીનું નામ શું હતું?? **કેકયાર્ધ, સૂર્યકાંતા**

૯. સાધુને પ્રશ્ન પૂછીને શું જાણવાનું છે? **અર્થ, વ્યાખ્યાઓ**

૧૦. પરદેશીના દાદા કેવા હતા? **અધર્મી, પાપી**

૧૧. પરદેશી રાજા શેનું અનુસરણ કરતા હતા? **અધાર્મિક, અધર્મમાર્ગ**

૧૨. જ્ઞાન કેટલા છે? તેમાંથી કેશી સ્વામીને કેટલા જ્ઞાન હતા? **પાંચ, ચાર**

૧૩. કઈ પરિષદમાં અપરાધીને કેવી વાણીથી શું આપવામાં આવે છે? **ઋષિ, અમનોજ્ઞ**

૧૪. છદ્મસ્થ જે વસ્તુ જોઇ ન શકે તેમાં ઈન્દ્રિયના વિષય કયા છે? **શબ્દ, ગંધ**

૧૫ . ચક્ષુથી કઈ હવા જોઇ શક્તા નથી? **રૂપી, સશરીરી**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. સિંહાસને **મણિમયૂખ શિખાવિચિત્રે,**

**વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્ ।**

**બિંબં વિયદ્ વિલસદંશુલતા વિતાનં,**

**તુંગોદયાદ્રિશિરસીવ સહસ્ર** રશ્મેઃ ||

**અર્થ : હે ભગ. ! જેવી રીતે ઊંચા ઉદયાચલ પર્વતના શિખર ઉપર આકાશમાં લતાના સમૂહની જેમ ફેલાતાં પ્રકાશમય કિરણોથી સૂર્યનું બિંબ શોભે છે, તેમ ઊંચે વિવિધ રંગના કિરણો વેરતાં મણિમય સિંહાસનને**

વિશે આપનું સુવર્ણ સમાન દેદીપ્યમાન શરીર શોભી રહ્યું છે.

૨. ગમ્ભીર તાર રવપૂરિત – દિગ્વિભાગ –

સ્ત્રૈલોક્યલોક શુભ સંગમ ભુતિદક્ષઃ

સદ્ધર્મરાજ – જયઘોષણ – ઘોષકઃ સન્,

ખે દુંદુભિર્ધ્વનતિ તે યશસઃ પ્રવાદી ।।

અર્થ : ગંભીર અને મોટા અવાજ વડે જેના નાદે દિશાઓ ગજાવી મૂકી છે, ત્રણે લોકના લોકોને પ્રભુનો શુભ સમાગમ આપવામાં કુશળ અને સદ્ધર્મના રાજા એવા તીર્થંકર ભગવાનનો જય હો એવા શબ્દોની ઘોષણા કરતો આકાશમાં થતો દુંદુભિનો નાદ આપના વિમળ યશને પ્રગટ કરી રહ્યો છે.

૩. સ્વર્ગા પવર્ગગમમાર્ગ – વિમાર્ગણેષ્ટ,

સદ્ધર્મ – તત્ત્વકથનૈક – પટુસ્ત્રિલોક્યામ્ ।

દિવ્યધ્વનિ – ર્ભવતિ તે વિશદાર્થ સર્વ,

ભાષા સ્વભાવ – પરિણામ – ગુણૈઃ પ્રયોજ્યઃ ।।

અર્થ : હે પ્રભુ ! આપની અલૌકિક વાણી દેવલોક અને મોક્ષનો માર્ગ બતાવવામાં સહાયક છે. ત્રણે લોકના સત્યધર્મનાં રહસ્ય કહેવામાં અદ્વિતીય, નિપુણ અને કુશળ છે. પદાર્થના વિસ્તૃત, સ્પષ્ટ અર્થ બતાવવામાં તથા સર્વ ભાષાઓના ગુણને પરિણમન કરી શકે તેવા ગુણોથી યુક્ત છે.

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૩)**

૧. શીતલ પ્રભા શબ્દ જેમાં આવતો હોય તે ગાથા લખો.

શુમ્ભત્પ્રભાવલય – ભૂરિ – વિભા વિભોસ્તે, લોકત્રય દ્યુતિમતાં દ્યુતિમાક્ષિપન્તી ।

પ્રોદ્યદ્ – દિવાકર – નિરન્તર – ભૂરિસંખ્યા, દીપત્યા જયત્યપિ નિશામપિસોમ – સૌમ્યામ્ ।।

૨. ભગવાનનું શરીર કેવું છે?

સુવર્ણ સમાન દેદીપ્યમાન.

જય – જિનેન્દ્ર

- ❋ PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
- ❋ NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.
- ❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.
- ❋ FOR BOOKS AND EXAM REGISTRATION.